# અરવલ્લીના ઉમેદપુરમાં ખંડુજી મહાદેવનો ભવ્ય મેળોનું આયોજન

## શ્રી સ્વયંભૂ ખંડુજી મહાદેવ મંદિર એટલે પશુપાલકો માટે આસ્થાનું કેન્દ્ર

### લંમ્પી વાયરસ થી પશુઓને બચાવવા શ્રી ખંડુજી મહાદેવની વિશેષ માનતા

કમલમ્ ન્યુઝ,ધાર્મિક ભટ્ટ

અરવલ્લી જિલ્લાના લોકોનું આસ્થાનું પ્રતિક એટલે ઉમેદપુર દધાલિયા ખાતે બિરાજમાન સ્વયંભૂ ભગવાન શ્રી ખંડુજી મહાદેવ. કહેવાય છે કે જ્યારે ભકતો મુશ્કેલીમાં મુકાઈ છે ત્યારે ભગવાન ખંડુજી મહાદેવની માનતા માનવામાં આવે છે જેથી તેમના પર આવેલી તમામ મુશ્કેલીઓ દૂર થઈ જાય છે.વર્ષોથી ચાલી આવતી પરંપરા પ્રમાણે આ માનતા પૂર્ણ કરવા ભકતો દર વર્ષે ભાદરવા મહિનાના બીજા રવિવારે ઉમેદપુર દધાલિયા ખાતે ખંડુજી મહાદેવ મંદિર ખાતે ઉમટી પડતાં હોય છે.સદીઓથી અહી મોટો લોક મેળો યોજાઈ છે.ત્યારે આ વર્ષે પણ ભાદરવા મહિનાના બીજા રવિવારે એટલે કે આવતા રવિવારે ૪ સપ્ટેમ્બરના રોજ ભવ્ય મેળો ભરાશે જેમાં હજારોની સંખ્યામાં ભકતો ઉમટી પડવાના શક્યતાઓ છે. દર વર્ષે અહીં હજારોની સંખ્યામાં લોકો આવતા હોય છે તેમાં પણ સાબરકાંઠા,અરવલ્લી જિલ્લા સહિત આસપાસના વિસ્તારોમાંથી પણ હજારો લોકો વહેલી સવાર થી ભગવાન શ્રી ખંડુજી મહાદેવનાં દર્શન માટે પહોચતા હોય છે અને સમગ્ર દિવસ દરમિયાન મેળાની મજા માણતા હોય છે.આ વર્ષે ૪ સપ્ટેમ્બરના રોજ યોજાનાર શ્રી ખંડુજી મહાદેવનાં મેળાને લઈ ઉમેદપુર ગામના લોકો દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે.અને વધુ ભકતો આવવાની શક્યતાઓને ધ્યાને લઈ વિશેષ આયોજનો પણ કરવામાં આવ્યા છે. આવનારા ભક્તોને કોઈપણ પ્રકારની તકલીફ ના પડે તે માટે ઉમેદપુર ગામના લોકો દ્વારા ચા પાણી સહિત નાસ્તાનું પણ આયોજન કરવામાં આવ્યું છે સાથેજ મેળામાં ભારતીય સંસ્કૃતિને જીવંત રાખવા માટે ભવ્ય ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં વિવિધ કલાકારો દ્વારા અલગ અલગ પ્રકારના ભજન અને દેશી ગીતોની રમઝટ બોલાવવામાં આવશે.ભક્તોને શ્રી ખંડુજી મહાદેવનાં દર્શન માટે કોઈપણ પ્રકારની તકલીફ ના પડે તે માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ખેડૂતો અને પશુપાલકોમાં આ મેળા નું વિશેષ મહત્વ રહેલું છે,કારણ,કેજે કોઈપશુપાલકના પશુ દૂધ આપવામાં ઉણું ઉતરતું લાગે અથવા તો કોઈ અન્ય પ્રકાર ની દુધાળા પશુઓ અંગે ની સમસ્યા ઉદભવે ત્યારે પશુપાલકો શ્રી સ્વયંભૂ ખંડુજી મહાદેવની બાધા માનતા રાખતા હોય છે,કે જો તેનું પશુ સારું થઈજશે તો ખંડુજી મહાદેવ મંદિરે મેળા દરમ્યાન પશુ ના પ્રથમ બનેલા ઘી માંથી બનેલી સુખડી ખંડુજી મહાદેવ ને ધરાવશે,અને તે માનતા પૂર્ણ કરવા માટે મોટી સંખ્યામાં ખેડૂતો અને પશુપાલકો ઉમેદપુર ગામે આ મેળામાં તેઓ પોતાની બાધા માનતા પૂર્ણ કરવા ઉમટી પડશે,સાથે સાથે જ અહીં એવી પણ પરમ્પરા છે,કે જે પરિવારને આ મંદિર ની બાધા હોય તે ઘરનો મુખ્ય વ્યક્તિ વહેલી સવારે ચાલતા આવે અને આ મંદિરે આવીને દાતણ કરે.આ પ્રકારે ખંડુજી મહાદેવ મંદિરે ભરાતા લોકમેળાનું પણ વિશેષ મહત્વ રહેલું છે. રાજયમાં હાલ લંમ્પી વાયરસ કહેર વર્તાવી રહ્યો છે જેના કારણે હજારો પશુઓના મોત નીપજયા છે અને તેમાં પણ ખાસ ગાય માતા તેનો ભોગ બની રહી છે ત્યારે પશુપાલકોની આસ્થા સમાન શ્રી સ્વયંભૂ ખંડુજી મહાદેવ મંદિર ખાતે હજારો પશુપાલકો પશુઓ અને તેમાં પણ ખાસ ગાય માતા સ્વસ્થ રહે તે માટે વિશેષ માનતા માનશે.જેને લઈ આવતા રવિવારે ૪ સપ્ટેમ્બરના રોજ શ્રી સ્વયંભુ ખંડુજી મહાદેવ મંદિર ઉમેદપુર ખાતે મોટી સંખ્યામાં પશુપાલકો અને ખેડૂતો ઉમટી પડશે અને કાળ રૂપી લંમ્પી વાયરસ થી પશુઓને બચાવવા માટે વિશેષ પ્રાથના કરશે.





# “રાજકોટમાં જીવનનગર કા વિઘ્નહર્તાનું ભાવપૂર્વ સ્થાપન થયું’

## ધાર્મિક ઉજવણીમાં ઉન્માદથી બહુધા સમાજ ચિંતિતઃજયંત પંડ્યા.



- ઉન્માદને કોરાણે મુકી સાદાઈથી સ્થાપન વિધિ યોજાઈ.
- ઢોલ–નગારાજ, ડી.જે. ઘોંઘાટને તિલાંજલિ આપી ઉજવણીનો પ્રારંભ થયો.
- ગણેશ મહોત્સવ સમિતિને આદર્શ–સંસ્કાર, ધર્મ સન્માનનું પ્રતિક મળ્યું.

કમલમ્ ન્યુઝ,રાજકોટ

જીવનનગર વિકાસ સમિતિ, ગણપતિ મહોત્સવ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહિલા સત્સંગ મંડળના સંયુક્ ઉપક્રમે જીવનનગર કા વિઘ્નહર્તાનું સ્થાપન ભાવપૂર્વ કરવામાં આવ્યું હતું. રાજકોટ શહેરમાં એકમાત્ર સમિતિને આદર્શ, સંસ્કાર, ધર્મ સન્માનનું પ્રતિક મળ્યું છે. ઢોલ–નગારા, ડી.જે. ઘોંઘાટ વગર સાદાઈથી સ્થાપન વિધિ કરવામાં આવી હતી. સમિતિના વિનોદરાય ભટ્ટ અને સુનિતાબેન વ્યાસે ગણેશ મહોત્સવ અંતર્ગત વિવિધ ધાર્મિક આયોજનો નક્કી કર્યા છે તેમાં તા. ૯ મી સપ્ટેમ્બર સુધી દરરોજ ધાર્મિક કાર્યક્રમો સાથે દિપમાલા, મહાઆરતી, યજ્ઞ સાથે લંબોદર સ્તુતિ ગાથા યોજવામાં આવશે. જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવ પરા, અમી પાર્કના રહીશો માટે મહાદેવધામના આયોજનોમાં શ્રધ્ધાપૂર્વક ભાગીદાર બને છે.શ્રદ્ધાળુઓનો ઉત્સાહ અનેરો છે. પરિવાર સાથે લોકો આવવાનું પસંદ કરે છે.સમિતિના કેતન મકવાણા દરરોજ ગણપતિ મહોત્સવમાં સુશોભન સાથે વ્યવસ્થાનો ભાગ સંભાળે છે. જીવનનગર સમિતિએ ધર્મમય વાતાવરણ ઉભું કરી સામુહિક એકતાની સ્થાપના કરી હતી. સમિતિના પ્રમુખ–એડવોકેટ જયંત પંડયાએ ગણપતિ મહોત્સવનો હાર્દ સમજાવી, ભારતીય સંસ્કૃતિનો વાસ્તવિક ચિતાર આપ્યો હતો. મહારાષ્ટ્રમાં ગણપતિ સ્થાપન સાથે વર્ષો પહેલાની હકીકત મુકવામાં આવી હતી. ઉજવણી ઉન્માદમાં ફેરવાઈ ન જાય તે સૌની જવાબદારી છે.વાસંતીબેન ત્રિવેદીના ઘરેથી પૂજનવિધિ બાદ મહાદેવધામમાં સ્થાપન વિધિ, યજ્ઞ કરવામાં આવ્યો હતો.સમિતિના જયંત પંડયાના વડપણ હેઠળ પાર્થ ગોહેલ, વિનોદરાય ભટ્ટ, કેતન મકવાણા, વિનુભાઈ ઉપાધ્યાય, વિજયભાઈ જોબનપુત્રા, અંકલેશ ગોહિલ, ગોવિંદભાઈ ગોહેલ, પંકજભાઈ મહેતા, મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, અલ્કાબેન પંડયા, શોભનાબેન ભાણવડિયા, જયોતિબેન પુજારા, હંસાબેન ચુડાસમા, ભારતીબેન ગંગદેવ, યોગીતાબેન જોબનપુત્રા, હર્ષાબેન પંડયા વકીલ, સોનલબેન મકવાણા, કલ્પનાબેન દવે, પ્રફુલ્લાબેન બોરીચા, આશાબેન મજેઠીયા, શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો.

# અંકલેશ્વર માં મહિલા અને બાળ વિકાસ દ્વારા પોષણ માસ પ્રારંભ કરાયો.



- મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના માં ૦ થી ૨ વર્ષ ના બાળકો ને માતા ને પોષણ કીટ નું વિતરણ કરાયું
- સપ્ટેમ્બર માસ માં તમામ આંગણવાડી કેન્દ્રો ઉપર પોષણ ને લગતા કાર્યક્રમો નું આયોજન કરાયું.

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ,ભરૂચ

અંકલેશ્વર તાલુકા પંચાયત કચેરી ખાતે આવેલ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સપ્ટેમ્બર માસ દરમ્યાન પોષણ માસ નો આજ થી પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં મુખ્ય મંત્રી માતૃશક્તિ યોજના માં૦ થી ૨ વર્ષના બાળકો ને માતા ને પોષણ કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું ,સાથે ગ્રામવિકાસ ટ્રસ્ટ દ્વારા કિશોરી અને મહિલાઓ ને માસીક ધર્મ અંગે ની વિસ્તુત માહિતી આપવામાં આવી હતી . કેન્દ્ર સરકાર ના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સમગ્ર સપ્ટેમ્બર માસ ને પોષણ માસ તરીકે ઉજવવા નું આયોજન કરવામાં આવ્યું છે આ પોષણ માસ અભિયાન અંતર્ગત અંકલેશ્વર તાલુકા પંચાયત કચેરી ખાતે આવેલ સંકલીતબાલ વિકાસ યોજના કચેરી દ્વારા તા,૧ સપ્ટેમ્બર થી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન પોષણ માસ આભીયાન નો પ્રારંભ કર્યો હતો તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા પંચાયત ના ઉપપ્રમુખ તૃપ્તિબેન જાની ,ભરૂચ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર કોમલબેન ઠાકોર ,અને અંકલેશ્વર ના સંકલીત બાળ વિકાસ અધિકારી સોનલબેન ઠક્કર ની અધ્યક્ષતા હેઠળ પોષણ માસ નો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં આંગણવાડી બહેનો અને ૨ વર્ષ સુધી ના બાળકો ની માતા ઓ ઉપસ્થિત રહ્યા હતા ,આ પોષણ માસ ના પ્રારંભ ટાણે મુખ્ય મંત્રી માતૃશક્તિ યોજના અંતર્ગત ૦ થી ૨ વર્ષ ના બાળકો ની માતા ને પોષણ ની કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું ,સાથે ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા પોષણ માસ અંતર્ગત કિશોરીઓ અને મહિલાઓ માં માસીક ધર્મ અંગે ની જાગૃતતા કેળવાય તે માટે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી સાથે વિનામૂલ્યે સેનેટરી પેડ નું વિતરણ કરવામાં આવ્યું હતું પોષણ માસ દરમ્યાન તમામ આંગણવાડી કેન્દ્રો ઉપર પોષણ ને લગતા કાર્યકમો નું આયોજન કરવામાં આવ્યું છે આ કાર્યક્રમ માં વિવિધ વાનગી નું પણ નિર્દેશન કરવામાં આવ્યું હતું આ પ્રંસગે ગ્રામ વિકાસ ટ્રસ્ટ ના જીગીષાબેન ,અંકલેશ્વર અર્બન હેલ્થ સેન્ટર ના મેડિકલ ઓફિસર નિરાલી પટેલ સહીત સંકલીત બાળ વિકાસ વિભાગ ના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મુન્દ્રાની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ઉજવાયો પ્રવેશોત્સવ



કમલમ્ ન્યુઝ,મુન્દ્રા,

અત્રેની આર.ડી. એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે પ્રથમ વર્ષમાં ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવતા તેમને કુમકુમ તિલક કરી મીઠું મોઢું કરાવીને ઉત્સાહભેર આવકાર આપી પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં આમંત્રિતો હસ્તે દીપ પ્રાગટ્ય કરી કોલેજના પ્રિન્સીપાલ ડો. દીપકભાઈ ખરાડીએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. મુખ્ય મહેમાન આર.ડી. ટ્રસ્ટના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ જેસરે પોતાના કોલેજ કાળના સંસ્મરણો તાજા કરી વિદ્યાર્થીઓને પ્રગતિના પંથે પ્રયાણ કરવાની શીખ આપી હતી. પ્રાધ્યાપક ડો. દેવેન્દ્રસિંહ જાડેજાએ કોલેજ અંગે જાણકારી આપી માર્ગદર્શન આપ્યું હતું. સાંસ્કૃતિક સમિતિના પ્રા. જ્યોતિકાબેન આહીર, પ્રા. કાનજી ગઢવી, પ્રા. અફસાનાબેનના માર્ગદર્શન હેઠળ કોલેજના ઉત્સાહી વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય, ગાયન, તલવાર રાસ જેવા કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. સફાઈ સમિતિના પ્રા. કોમલબા ચુડાસમા તેમજ અન્ય વિદ્યાર્થીઓએ સમગ્ર કોલેજને સ્વચ્છ કરી સુશોભિત કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના પ્રા. કવિતાબા ઝાલા, પ્રા. પ્રીતિબેન બળીયા, પ્રા. ઝૈનબબેન મોરાણી, પ્રા. મટાણી, કોમલબેન જોશી, રોમાબેન તથા કાજલબેને જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હીના પટેલ, નીતુ રાજપુત તથા રાજ ગઢવીએ સંભાળ્યું હતું.

# અંકલેશ્વર જીનવાલા હાઈસ્કૂલ ખાતે ગરીબ બાળકોને ગણવેશ વિતરણ કાર્યક્રમ



કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ,ભરૂચ

અંકલેશ્વર નગરપાલિકા સંચાલિત ઇ.એન જીનવાલા હાઈસ્કૂલ ખાતે અભ્યાસ કરતા ગરીબ બાળકોને યુનિફોર્મ વિતરણ કરવામાં આવ્યા. દાતાશ્રી બાગ કમિટીના ચેરમેન અંકલેશ્વર નગરપાલિકા શ્રી આમિરભાઈ મુલ્લા તેમજ અન્ય દાતાશ્રીઓ દ્વારા ગણવેશ વિતરણ કરવામાં આવ્યા. આ પ્રસંગે અંકલેશ્વર નગરપાલિકાના પ્રમુખ શ્રી વિનયભાઈ વસાવા,તેમજ માધ્યમિક શાળાના આચાર્ય શ્રી ઈશ્વરભાઈ સાહેબ તેમજ શિક્ષણ ગણ ઉપસ્થિત રહ્યા.

# પોશીનાના ચોલીયા ગામે પશુપાલન અને વર્મીકમ્પોસ્ટ તાલીમ અપાઈ



કમલમ્ ન્યુઝ,ઈકબાલ મેમણ સાબરકાંઠા

સાબરકાંઠાના અંતરીયાળ એવા પોશીના તાલુકાના લોકોને ઘર આંગણે રોજગારી મળી રહે તે હેતુથી બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા સાબરકાંઠા, દ્વારા પશુપાલન અને વર્મીકમ્પોસ્ટ ઉત્પાદનની ૧૦ દિવસીય તાલીમનુ અયોજન કરવામાં આવ્યું હતું. આદિજાતી વિસ્તારમાં પશુપાલન થકી રોજગાર અને વર્મીકમ્પોસ્ટ દ્રારા પ્રાકૃતિક ખેતી કરવામાં આવે ખેડૂતની આવક બમણી થાય તે આ તાલીમનો ઉદ્દેશ્ય હતો. આ તાલીમમાં વિવિધ સ્વસહાય જુથનાં કુલ ૨૮ લાભાર્થીઓએ સફળતાં પુર્વક તાલીમ પુર્ણ કરી હતી. તાલીમ પુર્ણ થતાં આર.સે.ટી.નાં ડાયરેકટરશ્રી તુષાર પ્રજાપતિ દ્રારા તાલીમાર્થી બહેનોને વ્યવસાયને અનુરૂપ પ્રોત્સાહન અને બેંક ધિરાણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતા. આ કાર્યકર્મમાં જિલ્લા આજીવિકા મેનેજર શ્રીમતી મીનતબેન મન્સુરી અને આર. સે.ટી.ના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભરૂચ ખાતે માનનીય ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલજી દ્વારા હયાત પેલેસ હોટલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.







કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ,ભરૂચ

ભરૂચ ખાતે માનનીય ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલજી દ્વારા હયાત પેલેસ હોટલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી નટવરભાઈ પ્રજાપતિ અને તેમના કુટુંબીજનો તેમજ, ભરૂચ જીલ્લા પ્રમુખ શ્રી મારૂતિસિંહ અટોદરિયા, મુખ્ય દંડક શ્રી દુષ્યંતભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ શ્રી અરૂણસિંહ રાણા, શ્રી ઈશ્વરસિંહ પટેલ સહિત આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા.

